# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૩૦/૦૫/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરની લેડીઝ વીંગ અને વિમેન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા ‘માસિકા મહોત્સવ’ અંતર્ગત કવિ સંમેલન યોજાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના લેડીઝ વીંગ અને વિમેન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા સંયુકતપણે ‘માસિકા મહોત્સવ’ અંતર્ગત રવિવાર, તા. ૨૯ મે, ૨૦૨૨ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યામિની વ્યાસ, પ્રગ્ના વશી, ડો. મુકુલ ચોકસી, ડો. વિવેક ટેલર, સંધ્યા ભટ્ટ અને એશા દાદાવાલાએ ભાગ લીધો હતો.

રવિવારે સવારે માસિકા મહોત્સવ અંતર્ગત સાયકલ રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકોનો ખૂબ જ સારો સહકાર પ્રાપ્ત થયો હતો.

કવિ સંમેલનમાં ડો. અમીબેન યાજ્ઞિક દ્વારા મહિલાઓને માસિક અંગે વૈજ્ઞાનિક સમજ આપવામાં આવી હતી. જયારે કવિઓએ પોતે રચેલી જુદી–જુદી કવિતા પ્રસ્તૃત કરીને માસિક સાથે સંકળાયેલી ગેરમાન્યતાઓ દુર કરવાનો પ્રયાસ કર્યો હતો.

ઉપરોક્ત સંમેલનમાં ચેમ્બરના ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કવિ સંમેલનનું સંચાલન એશા દાદાવાલાએ કર્યું હતું. કાર્યક્રમના અંતે લેડીઝ વીંગના સેક્રેટરી મનિષા બોડાવાલાએ સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.